**આંક :**

દાખલ તારીખ : ૦૯/૦૭/૨૦૧૮.

રજીસ્ટરે લીધા તારીખ: ૦૯/૦૭/૨૦૧૮.

નિકાલ તારીખ : ૦૮/૦૮/૨૦૧૯.

સ મ ય : વ. મા. દિ.

## વડોદરાના સ્પેશીયલ જજ (એટ્રોસીટી) ની અદાલત, મુ. વડોદરા.

---

**સેશન્સ કેસ નંબર : ૧૦૫/૨૦૧૮.**

**(શિનોર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૮૯/૨૦૧૭)**

**(શિનોર કોર્ટ ગુ.મુ.નં.૩૭૬/૨૦૧૭)**

---

**ફરીયાદી.........** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિરૂધ્ધ.**

**આરોપી......** **અશોકભાઈ સોમાભાઈ પરમાર,ઉ.વ.પુખ્ત.**

**રહે.સેગવા,તા.શિનોર,જિ.વડોદરા.**

---

**ગુનો :-ભારતીય દંડ સંહિતાની કલમ : ૫૦૪, ૫૦૬(૨) મુજબ.**

**સમક્ષ :-** **શ્રી.એસ.સી.ગાંધી,સ્પેશીયલ જજ(એટ્રોસીટી),વડોદરા.**

---

**ફરિયાદી તરફે :- વિધ્વાન એડી.પી.પી.શ્રી.ડી.જે.નાળીયેરીવાલા.**

**આરોપીઓ તરફે :- વિધ્વાન વકીલ શ્રી. જે. જી. પરમાર.**

---

**-:: ઠ રા વ ::-**

**૧).** આ કેસના આરોપી સામે ફરીયાદી રમણભાઈ ગોવિંદભાઈ પટેલે તા.૨૧/૦૮/૨૦૧૭ ના રોજ પી.એસ.ઓ.,શિનોર પોલીસ સ્ટેશન રૂબરુ આપેલ ફરીયાદ આધારે સરકાર તરફે શિનોર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૮૯/૨૦૧૭ થી,ભારતીય દંડ સંહિતાની કલમ :- ૫૦૪,૫૦૬(૨) મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

**૨).** આ કામના ફરીયાદી રમણભાઈ ગોવિંદભાઈ પટેલ,રહે.સેગવા,મોટુ ફળીયુ,તા.શિનોર,વિ.વડોદરા ખાતે રહે છે.તા.૨૧/૦૮/૨૦૧૭ ના રોજ સવારના આશરે સાડા નવેક વાગે હું અમારા ગામની ભાગોળે આવેલ હનુમાનજીના મંદિરે દર્શન કરવા માટે ગયેલો અને દર્શન કરી બહાર નીકળેલ તે વખતે બહારના ભાગે આવેલ બાંકડા પર અમારા ગામમાં રહેતો અશોકભાઈ સોમાભાઈ પરમાર તથા બીજા અન્ય છોકરાઓ બાંકડા પર બેસવાની જગ્યાએ કાદવવાળા તેમજ માટીવાળા પગ મુકી બેસેલ હોય જેથી મે તેઓને પગ હટાવી બેસવા જણાવતા આ છોકરાઓ પૈકી અશોકભાઈ પરમાર મારા પર એકદમ ગુસ્સે થઈ ગયેલો અને મને ગમેતેવી ગાળો આપી જણાવેલ કે હું પગ હટાવવાનો નથી,તારાથી થાય તેવી ધમકી આપી મને જણાવેલ કે તુ વધારે બોલીશ તો તને જમીન પર પછાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી અને એટ્રોસીટીના કેસમાં ફસાવી

દેવાની ધમકી આપી તે વખતે થોડીવારમાં મારો છોકરો પટેલ હરેશ આવી ગયેલ અને તેઓને આ બનાવની વાત કરતા તે મને ઘરે લઈ ગયેલ અને અમોને જાણવા મળેલ કે અમારા વિરૂધ્ધમાં ફરીયાદ કરવા ગયેલ છે જેથી હું પણ મારા છોકરા તથા અમારા ગામના ચિરાગભાઈ સાથે ફરીયાદ કરવા આવેલ છું.જેથી તેઓ વિરૂધ્ધ આ બાબતે હાલની આ ફરીયાદ,ફરીયાદીએ શિનોર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.સમક્ષ નોંધાવતા તેઓએ તેમના રૂબરુની ફરીયાદ નોંધી,સદર ગુનાની તપાસ માટે એ.એસ.આઈ.ગીરવતસિંહને આ ગુનાની તપાસ માટે આપતા તેઓએ ગુનાની તપાસ સંભાળી લઈ, ફરીયાદના કાગળો મંગાવી હકીકતથી વાકેફ થઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ,લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, તથા આરોપીને અટક કરેલા અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ફરીયાદવાળા ગુન્હાના કામે શિનોરના જ્યુડી.મેજી.ફ.ક.ની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.તે ફોજદારી કેસ નંબર : ૩૭૬/૨૦૧૭ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

૩). વિધ્વાન જ્યુડી. મેજી.ફ.ક.શ્રી શિનોર કોર્ટ ધ્વારા આરોપી સામેના ભારતીય દંડ સંહિતાની કલમ : ૫૦૪,૫૦૬(૨) મુજબના ગુનાનુ ચાર્જશીટ ધ્યાને લઈ ફરીયાદવાળા ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીરજ કોડના ચેપ્ટર-૧૯ મુજબ હાથ ધરવા માટેની કાર્યવાહી હાથ ઉપર લીધેલ તે દરમ્યાનમાં આ કામના આરોપી એ શિનોર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. : ૮૮/૨૦૧૭ થી નોંધાયેલ ગુન્હો હાલના ફરીયાદવાળા ગુન્હાનો ક્રોસ કેસ હોવાની સેશન્સ અદાલત (એટ્રોસીટી કોર્ટ) સમક્ષ કરેલ રજુઆત અન્વયે

સેશન્સ અદાલત ધ્વારા પસાર કરવામાં આવેલ હુકમ અન્વયે જયુડી મેજી.ફ.ક.શ્રી.શિનોર કોર્ટ,વડોદરા ધ્વારા હાલનો કેસ કમીટ કરવાનો હુકમ કરી કમીટલ પ્રોસીડીગ્સ હાથ ધરી તેઓએ આરોપીને નકલો અને પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : – ૨૦૯ મુજબ સદરહું કેસ સેશન્સ કમીટ કરવાનો હુકમ તારીખ :–૦૨/૦૭/૧૮ ના રોજ પસાર કરી સદરહું કેસ નામદાર સેશન્સ કોર્ટ વડોદરાને મોકલી આપતા જે સેશન્સ કેસ રજીસ્ટરે નોધી સદરહુ કેસ અત્રેની અદાલત તરફ ઈન્સાફી કાર્યવાહી માટે મોકલી આપેલ છે.

૪). આ કામના આરોપી તેમના વિ.વકીલશ્રી સાથે અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતાં તેઓને નીચેની અદાલતમાંથી પોલીસ પેપર્સ મળ્યા હોવાની ખાત્રી કરવામાં આવેલ છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૮(૧)(બી) મુજબ આંક :– ૦૫ થી આરોપી વિરુધ્ધ ફાઈલ કરવામાં આવેલ ચાર્જશીટ મુજબના ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪,૫૦૬(૨) મુજબના ગુનાનુ હોમતનામુ ઘડી,ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૨૮(૨) મુજબ તે વાંચી,સંભળાવી, સમજાવી તેઓનુ આંક : ૦૬ થી નિવેદન લેવામાં આવતાં આરોપી એ ગુન્હો કબુલ નહી હોવાનું જણાવી ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની માંગણી કરતા સદરહુ કેસ શિનોર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૮૮/૨૦૧૭ (સ્પે. એટ્રોસીટી કેસ નંબર : ૬૭/૧૭) નો ક્રોસ કેસ હોય સદરહું કેસ ફરીયાદ પક્ષના પુરાવા માટે મુલત્વી રાખી બંને ક્રોસ કેસોનો પુરાવો રેકર્ડ કરવાનો હુકમ કરી ક્રિમીનલ પ્રોસીજર

કોડની કલમ ૨૩૧ મુજબ બંને કેસોમાં પુરાવો રેકર્ડ કરવા માટેની તારીખો નિર્ધારીત કરવામાં આવેલ.

૫). ફરીયાદ પક્ષ તરફથી ક્રિમનીલ પ્રોસીજર કોડની કલમ ૨૩૧ માં કરવામાં આવેલ જોગવાઈ અન્વયે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક : ૦૮ થી, રમણભાઈ ગોવિંદભાઈ (ફરીયાદી)

(૨) આંક : ૧૦ થી, જયેશભાઈ વિનુભાઈ (પંચ સાહેદ)

(૩) આંક : ૧૨ થી, મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ (પંચ સાહેદ)

(૪) આંક : ૧૩ થી, હરેશભાઈ રમણભાઈ (સાહેદ)

(૫) આંક : ૧૪ થી, ચિરાગભાઈ રમેશભાઈ (સાહેદ)

(૬) આંક : ૧૫ થી, તુલાશંકર ફોગટલાલ (સાહેદ)

(૭) આંક : ૧૬ થી, જીતેન્દ્રભાઈ તુલાશંકર (સાહેદ)

(૮) આંક : ૧૭ થી, કીરીટભાઈ મંગળભાઈ (સાહેદ)

(૯) આંક : ૧૮ થી, ગીરવતસિંહ રણજીતસિંહ
(એ.એસ.આઈ.અને ગુન્હાનુ ચાર્જશીટ કરનાર )

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક : ૦૯ થી, ફરીયાદીની ફરીયાદ.

(૨) આંક : ૧૧ થી, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ.

(૩) આંક : ૧૯ થી, તપાસ સંભાળી લેવાની યાદી.

૬). ફરિયાદ પક્ષ તરફથી ઉપર મુજબનો પુરાવો રજુ કર્યા પછી,વધુ પુરાવો આપવો નથી તે બદલની એડી.એ.પી.પી.શ્રીએ આંક :- ૨૦ થી પુરષીસ આપી જાહેર કરતા,આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો

પુરો થયેલો જાહેર કરી,આ કામ આરોપીના વધારાના નિવેદન માટે રાખવામાં આવતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનુ વધારાનું નિવેદન નોધતાં,અમો આરોપી તદન નિર્દોષ છે.કહેવાતો કોઈ ગુનો કરેલ ન હોવા છતાં ખોટી રીતે હાલની ફરીયાદ માં સંડોવી દિધેલ હોય,નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે તેમ જણાવી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૩ અન્વયે બચાવના સાહેદો તપાસવાની તક આપતાં તેઓ સોગંદ ઉપર જુબાની આપવા તથા સાહેદો તપાસવા નહી માંગતા હોવાનું જાહેર કરતાં આરોપીનો પુરાવો પુર્ણ થયેલ જાહેર કરી,આ કામ આખરી દલીલ માટેરાખવામાં આવેલ છે.

૭). આ કામે ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એડી.પી.પી.શ્રી.ડી.જે. નાળીયેરીવાલા તથા આરોપીના વિધ્વાન વકીલશ્રી જી.જે.પરમારની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.જે કરવામાં આવેલ દલીલો નો ઉલ્લેખ અદાલત ધ્વારા આપવામાં આવેલ કારણોમાં કરવામાં આવેલ છે.

૮). આ કામે ઉભય પક્ષકારો તરફે વિધ્વાન વકીલશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ દલીલો,ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતાં આ કેસના નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧). શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા. :–૨૧/૦૮/૨૦૧૭ ના રોજ સેગવા ગામે સવારે કલાક ૯.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદી ગામની ભાગોળે આવેલ હનુમાનજીના મંદિરે દર્શન કરવા ગયેલ

અને દર્શન કરી બહાર નીકળતા હતા તે વખતે મંદિર બહાર આવેલ બાંકડા પર આરોપી અશોકભાઈ સોમાભાઈ પરમાર અને બીજા અન્ય છોકરાઓ બાંકડા પર બેસવાની જગ્યા એ કાદવવાળા તેમજ માટી વાળા પગ મુકી બેસેલ હોય, ફરીયાદીએ તેઓને પગ હટાવી બેસવા માટે જણાવતા આરોપી એકદમ ગુસ્સે થઈ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અગર કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી ફરીયાદીનુ ઈરાદાપૂર્વક અપમાન કરી તેઓને ઉશ્કેરાટનુ કારણ આપી,ગમેતેવી ગાળો બોલી જણાવેલ કે પગ હટાવવાનો નથી તારાથી થાય તે કરી લે અને વધારે બોલીશ તો જમીન પર પછાડી જાનથી મારી નાંખીશ તે મુજબની ગુન્હાહિત ધમકી આપી અને એટ્રોસીટીના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ : ૫૦૪,૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

(૨). શું ફરીયાદ પક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરે છે ? જો હા,તો કઈ કલમ હેઠળ ?

(૩). શું હુકમ ?

૯). ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે જણાવ્યા મુજબના છે.

(૧). **નકારમાં.**

(૨). **નકારમાં.**

(૩). **આખરી હુકમ મુજબ.**

## -::: કા ર ણો ::-

**મુદ્દા નંબર: ૧ અને ૨.**

૧૦). આ કામે, ઉભય પક્ષકારો તરફે વિધ્વાન વકીલશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ દલીલો ધ્યાને લઈ, અદાલતના રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં અગાઉ આરોપીઓ વિરુધ્ધ આંક :૦૫ થી ફરમાવવામાં આવેલ તહોમત વંચાણે લેતા,તે ભારતીય દંડ સંહિતાની કલમ : ૫૦૪,૫૦૬(૨) અન્વયેનુ હોઈ,આરોપી વિરૂધ્ધ નુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે એ હકીકત શંકા રહીત પુરવાર થવી જરૂરી છે કે ફરીયાદવાળા ગુન્હાના કામે ભોગ બનનાર ફરીયાદી સાહેદ રમણભાઈ ગોવિંદભાઈ પટેલ ઉપર આ કામના આરોપી ધ્વારા ગમેતેમ ગાળો બોલી આરોપી એક દમ ગુસ્સે થઈ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અગર કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી ફરીયાદીનુ ઈરાદા પૂર્વક અપમાન કરી તેઓને ઉશ્કેરાટનુ કારણ આપી,ગમેતેવી ગાળો બોલી જણાવેલ કે પગ હટાવવાનો નથી તારાથી થાયતે કરી લે અને વધારે બોલીશ તો જમીન પર પછાડી જાનથી મારી નાંખીશ તે મુજબની ગુન્હાહિત ધમકી આપી અને એટ્રોસીટીના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી તે મુજબનુ ગુન્હાહિત કૃત્ય આ કામના આરોપી ધ્વારા આચરવામાં આવેલ હતુ.

૧૧). ફરીયાદવાળા કેસના કામે અદાલતના રેકર્ડ ઉપર આવેલ પુરાવા ઓનું મુલ્યાંકન અદાલત ધ્વારા ફોજદારી વિધિશાસ્ત્રના મુળભુત નિયમ કે જયાં સુધી આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ જ છે તે મુજબનુ અનુમાન

અદાલતે કરવાનું છે અને શંકા ગમે તેટલી મજબુત હોય તેમ છતાં તેને પુરાવામાં સ્થાન આપી શકાય નહી તે મહત્વના સિધ્ધાંત અન્વયે કરવામાં આવેલ છે.

**૧૨).** આ કામે નિમાર્ણ કરવામાં આવેલ ઉપરોકત મુદાઓ એકબીજા સાથે સંકળાયેલ હોઈ,હકીકતોનુ અને પુરાવાઓનુ ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના હેતુસર મુદ્દા નં.૧ અને ૨ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે અને તે મુજબના કારણો આપવામાં આવેલ છે.

**૧૩).** હવે,પુરાવાઓનુ મુલ્યાંકન કરતી વખતે સૌ પ્રથમ આંક : ૦૮ થી તપાસવામાં આવેલ સાહેદ નં.૦૧ રમણભાઈ ગોવિંદભાઈ કે જેઓ આ કામના ફરીયાદી અને ગુન્હાનો ભોગ બનનાર ઈસમ છે.તેઓએ સોંગદ ઉપરના પુરાવામાં બનાવ આશરે બે વર્ષ પહેલા શ્રાવણ માસ માં બનેલો.બનાવના દિવસે સવારના આઠ વાગ્યાની આસપાસ હનુમાનજી મંદિર સેગવા ગામની ભાગોળે આવેલ ત્યાં દર્શન કરવા માટે ગયેલા.ત્યારે અમારા ગામમાં રહેતા સોમભાઈનો છોકરો તથા અન્ય છોકરાઓ બાંકડા ઉપર બેસવાની જગ્યાએ કાદવવાળા પગ મુકી બેઠેલા જેથી મે તેઓને આવા કાદવવાળા પગ મુકીને બેઠેલ હોવાથી તેમને પગ હટાવવા જણાવેલ ત્યારબાદ હું ઘરે જતો રહેલો આરોપીએ કોઈ ધમકી આપેલ નહી અને પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી અને આરોપી ગામના હોવાથી ઓળખી બતાવેલ હોવાના આપેલ પુરાવા અન્વયે મજકુર સાહેદની જુબાનીમાંથી આંક :૦૯ વાળી ફરીયાદ હકીકતને મહત્વની બાબતે સમર્થન પ્રાપ્ત થતુ ન હોય વિ.એડી.પી.પી.શ્રી.એ મજકુર સાહેદને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવાની માંગેલ પરવાનગી અન્વયે

અદાલત ધ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ માં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લઈ જે પક્ષકાર સાહેદને બોલાવેલ હોય તેમની ઉલટતપાસ કરવા માટે પરવાનગી આપવી તે અદાલત નો વિવેકાધિકાર હોય સાહેદ ધ્વારા આપવામાં આવેલ પુરાવાની હકીકતને ધ્યાને રાખી તેને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવાની પરવાનગી આપી તેને ઉલટ તપાસમાં પુછી શકાય અને તે મુજબના સૂચક પ્રશ્નો પુછવાની આપેલ પરવાનગી અન્વયે વિ.એડી.પી.પી. શ્રી.મજકુર સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ તેમાંથી ફરીયાદ હકીકતને કોઈ જ રીતે અને પ્રકારે સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાય આવતુ નથી.મજકુર સાહેદની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે,એ વાત ખરી છે કે બનાવમાં આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કંઈ બનેલ નહી એ વાત ખરી છે કે બનાવ અન્વયે આરોપીએ ફરીયાદ દાખલ કરતા મે પણ આરોપી વિરૂધ્ધ ફરીયાદ કરેલી છે.એ વાત ખરીછે કે આરોપી મારા ગામનો હોય હું તેને ઓળખુ છુ તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખતા તેઓએ પોલીસ રૂબરુ આપેલ આંક : ૦૯ વાળી ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાય આવતુ નથી.એટલુ જ નહી મજકુર સાહેદ કે જેઓ ગુન્હાનો ભોગ બનનાર ઈસમ અને આ કામના ફરીયાદી છે તેઓએ સોંગદ ઉપર આપેલ પુરાવામાંથી આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત મુજબના કોઈ જ તત્વો પુરવાર થતા હોય કે આકર્ષાતા હોય તેમ પણ જણાય આવતુ નથી.એટલુ જ નહી અદાલત ધ્વારા મજકુર

સાહેદના સોંગદ ઉપરના પુરાવાનુ મુલ્યાંકન આરોપીએ ફરીયાદીને ગમે તેમ ગાળો આપી તેમ કરવામાં તેનો ઈરાદો ફરીયાદીને ગુન્હા હિત કૃત્ય પ્રેરાવાનો હતો અથવા તો સુલેહ શાંતિનો ભંગ કરવાનો પ્રેરાવાનો હતો તેમ કરી સાલા ડોસલા તને જમીન પર પછાડી મારી નાંખીશ તથા એટ્રોસીટી કેસમાં ફસાવી દેવાની ગુન્હાહિત ધમકી આપેલ હોવા બાબતનો લેશમાત્ર પુરાવો જણાય આવતો ન હોય અને તેઓની સોંગદ ઉપરની સમગ્ર જુબાનીમાંથી પણ ફરીયાદ હકીકતને કોઈ જ રીતે અને પ્રકારે સમર્થન પ્રાપ્ત થતુ ન હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે.

૧૪). હવે,આ કામે આંક : ૧૩ થી તપાસવામાં આવેલ સાહેદ નં.૦૪ હરેશ ભાઈ રમણભાઈ કે જેઓ ફરીયાદીના દિકરા થાય છે.તેઓએ સોંગદ ઉપરના પુરાવામાં જણાવે છે કે બનાવ બે વર્ષ પહેલા ૨૧ મી તારીખે બનેલો.બનાવ સમયે હું ખેતરમાં હાજર હતો.બનાવની જાણ ઘરે આવ્યા પછી થયેલી.મારા પિતાએ જણાવેલ કે હું હનુમાનજીના મંદિરે ગયો ત્યારે મારે અશોકભાઈ સોમાભાઈ સાથે મંદિર પાસે આવેલા બાંકડા પર બેસવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય બનાવમાં વિશેષ કંઈ બનેલ નહી.મારા પિતાએ પોલીસ માં ફરીયાદ આપેલી અને પોલીસે મારી પુછપરછ કરી નિવેદન લીધેલ અને આરોપી ગામના હોય ઓળખી બતાવેલ હોવાના આપેલ પુરાવા અન્વયે મજકુર સાહેદની જુબાનીમાંથી આંક :૦૯ વાળી ફરીયાદ હકીકતને મહત્વની બાબતે સમર્થન પ્રાપ્ત થતુ ન હોય વિ.એડી.પી.પી.શ્રી.એ મજકુર સાહેદને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવાની માંગેલ પરવાનગી અન્વયે

અદાલત ધ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ માં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લઈ જે પક્ષકાર સાહેદને બોલાવેલ હોય તેમની ઉલટતપાસ કરવા માટે પરવાનગી આપવી તે અદાલત નો વિવેકાધિકાર હોય સાહેદ ધ્વારા આપવામાં આવેલ પુરાવાની હકીકતને ધ્યાને રાખી તેને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવાની પરવાનગી આપી તેને ઉલટ તપાસમાં પુછી શકાય અને તે મુજબના સૂચક પ્રશ્નો પુછવાની આપેલ પરવાનગી અન્વયે વિ.એડી.પી.પી. શ્રી.મજકુર સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પણ તેમાંથી ફરીયાદ હકીકતને કોઈ જ રીતે અને પ્રકારે સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાય આવતુ નથી.મજકુર સાહેદની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે,એ વાત ખરી છે કે બનાવ અંગેની જાણ મારા પિતાએ કરેલી અને હું બનાવવાળી જગ્યાએ ગયેલ નથી.એ વાત ખરી છે કે આરોપીએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી અને મારા પિતાને પોલીસ સ્ટેશનમાં બોલાવેલ ત્યારબાદ મારા પિતાએ ફરીયાદ કરેલી.એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારુ નામ,સરનામુ પુછેલ તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખતા તેઓએ પોલીસ રૂબરુ આપેલ નિવેદનમાંથી પણ આંક : ૦૯ વાળી ફરીયાદ હકીકત ને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાય આવતુ નથી. એટલુ જ નહી મજકુર સાહેદના પુરાવામાંથી પણ આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત મુજબના કોઈ જ તત્વો પુરવાર થતા હોય કે આકર્ષાતા હોય તેમ પણ જણાય આવતુ નથી.

૧૫). હવે,આ કામે આંક : ૧૪ થી તપાસવામાં આવેલ સાહેદ નં.૦૫ ચિરાગભાઈ રમેશભાઈ,આંક : ૧૫ થી તપાસવામાં આવેલ સાહેદ નં.૦૬ તુલાશંકર ફોગટલાલ,આંક : ૧૬ થી તપાસવામાં આવેલ સાહેદ નં.૦૭ જીતેન્દ્રભાઈ તુલાશંકર તથા આંક : ૧૭ થી તપાસેલ સાહેદ નં.૮ કીરીટભાઈ મંગળભાઈ કે જેઓ તમામ ફરીયાદીના ગામના અને બનાવને નજરે જોનાર સાહેદો છે. તેઓ તમામે સોંગદ ઉપરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ હોય તે મુજબનો કોઈ જ પુરાવો આપેલ નથી.મજકુર સાહેદો એ સોંગદ ઉપર આપેલ પુરાવામાંથી ફરીયાદપક્ષના કેસની હકીકત ને મહત્વની બાબતે સમર્થન પ્રાપ્ત થતુ ન હોય વિ.એડી.પી. પી.શ્રી.એ મજકુર સાહેદોને ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવાની માંગેલ પરવાનગી અન્વયે અદાલત ધ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ માં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લઈ જે પક્ષકાર સાહેદને બોલાવેલ હોય તેમની ઉલટતપાસ કરવા માટે પરવાનગી આપવી તે અદાલતનો વિવેકાધિકાર હોય સાહેદ ધ્વારા આપવામાં આવેલ પુરાવાની હકીકતને ધ્યાને રાખી તેને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવાની પરવાનગી આપી તેને ઉલટ તપાસમાં પુછી શકાય અને તે મુજબના સૂચક પ્રશ્નો પુછવાની આપેલ પરવાનગી અન્વયે વિ.એડી.પી.પી. શ્રી.મજકુર સાહેદની વિગતવાર ઉલટતપાસ કરતા મજકુર સાહેદોએ તેમના પોલીસ રૂબરુના નિવેદનને સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થતુ હોય તે મુજબના કોઈ જ પુરાવો આપેલો નથી તેમજ મજકુર તમામ સાહેદોની આરોપીપક્ષ તરફથી પણ ઉલટતપાસ કરવામાં આવેલ

નથી.ઉપરોકત તમામ સાહેદોના પુરાવાઓનુ મુલ્યાંકન કરતા તેમાંથી બનાવ હકીકતને કે ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ ન હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે.

૧૬). હવે,આ કામે આંક : ૧૧ થી રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાના પંચનામાના તપાસવામાં આવેલ પંચ સાહેદો જયેશભાઈ વિનુભાઈ આંક : ૧૦ તથા મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ આંક :૧૨ નાઓની સોગંદ ઉપરની જુબાનીમાંથી પંચનામાની હકીકતો પુરવાર થતી હોય તે મુજબનો કોઈ જ પુરાવો સોગંદ ઉપર જણાઈ આવતો નથી અને તેઓ બંને પંચ સાહેદોએ પંચનામામાં તેમની સહીઓ સિવાય ની કોઈપણ હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલો ન હોય તેઓ બંનેને વિ.એ.પી.પી.શ્રી.ની વિનંતીથી ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ માંગેલ પરવાનગી અન્વયે તેઓને આપવામાં આવેલ પરવાનગી મુજબ મજકુર બંને સાહેદોને ઉલટ તપાસમાં પુછી શકાય તે મુજબના સુચક પ્રશ્નો પુછવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરીયાદ પક્ષની ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ હોય તે મુજબનો પુરાવો સોગંદ ઉપર આપેલ ન હોય મજકુર બંને પંચ સાહેદોના પુરાવામાંથી પંચનામાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ ન હોવાનું જણાઈ આવે છે.

૧૭). હવે,આ કામે આંક : ૧૮ થી તપાસવામાં આવેલ સાહેદ નં.૦૯ ગીરવતસિંહ રણજીતસિંહ કે જેઓ બનાવના સમયે શિનોર પોલીસ સ્ટેશનના સેગવા ઓ.પી.માં એ.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા હતા.તેઓએ સોંગદ ઉપરની જુબાનીમાં તા.૨૧/૦૭/૧૭ ના રોજ

શિનોર પોલીસ સ્ટેશનના સેગવા ઓ.પી.માં એ.એસ.આઈ.તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન શિનોર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.એ શિનોર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૮૯/૧૭ ના ગુનાની તપાસ સંભાળી લેવા લેખીત યાદીથી જણાવતા મે તપાસ સંભાળી લીધેલી તપાસ સંભાળ્યા બાદ ગુનાવાળી જગ્યા એ જઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ,લાગતા વળગતા સાહેદો ના નિવેદનો લીધેલા,તપાસ દરમ્યાન આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનુ અને અદાલત રૂબરુ આરોપીને ઓળખી બતાવેલ હોવાના આપેલ પુરાવા ને આરોપીપક્ષ તરફથી ઉલટતપાસ ધ્વારા પડકારવામાં આવતા મજકુર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન એવી હકીકત ખુલવા પામેલ હતી કે હાલની ફરીયાદ દાખલ થતા અગાઉ આરોપીએ ફરીયાદી વિરૂધ્ધ એટ્રોસીટી એકટની ફરીયાદ દાખલ કરી દિધેલ હતી.એ વાત ખરી છે કે આંક : ૦૯ વાળી ફરીયાદ હકીકત મુજબ ફરીયાદી મંદિરે દર્શન કરવા ગયેલા તે વખતે બનાવવાળા સ્થળે તેમન સિવાય અન્ય કોઈ ઈસમ હાજર ન હતા.એ વાત ખરી છે કે મે બનાવવાળી જગ્યાનુ પંચો રૂબરુ પંચનામુ કરેલ તે દરમ્યાન બનાવવાળા બાંકડા ઉપરથી કોઈ કાદવ કીચડ મને જણાઈ આવેલ ન હતો.સાહેદ જણાવે છે કે વરસાદની સીઝન હોય તે કારણે કાદવ કીચડ જતો રહેલ હશે. મજકુર સાહેદ કે જેઓ ગુન્હાની તપાસ કરનાર અમલદાર છે તેમના પુરાવાનુ મુલ્યાંકન કરતા તેમાંથી આંક : ૦૯ વાળી ફરીયાદ હકીકત માં જણાવ્યા મુજબ આરોપીએ ફરીયાદી સાથે ગાળાગાળી કરી

ફરીયાદી જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી બેસે તે મુજબનુ ઈરાદા પૂર્વકનુ વર્તન આરોપીએ કરેલ હોવા બાબતનો કે આરોપીએ આ કામના ફરીયાદીને મૃત્યુ અગર તો મહાવ્યથાનો ભય કે ફરીયાદીની મિલકતને નુકશાન પહોંચાડવાના ઈરાદાથી તેને ગુન્હાહિત ધમકી આપેલ હોવા બાબતની ફરીયાદના કામે સદરહું હકીકતો પુરવાર કરવા કોઈ જ સ્વતંત્ર સાહેદનો પુરાવો કે જેમાંથી આરોપી વિરૂધ્ધનુ અનુમાન કરી શકાય તેમ જણાય આવતુ નથી.

૧૮). આમ,અદાલતના રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાઓનું બારીકાઈથી મુલ્યાંકન કરતાં આ કામે આંક : ૦૯ વાળી ફરીયાદ હકીકત અન્વયે ફરીયાદી તથા સાહેદોએ સોંગદ ઉપર આપેલ પુરાવામાંથી ફરીયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય અને રેકર્ડ ઉપર આવેલ પુરાવા માંથી ફરીયાદ હકીકત મુજબ આરોપીએ જે ગુન્હાહિત કૃત્ય કરેલ છે તે હકીકતથી બિલકુલ વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર આવતો હોવાનુ અને રેકર્ડ ઉપર જે કંઈ પુરાવો આવેલ છે તેમાંથી વિરોધાભાસ ઉત્પન્ન થતો હોય ફરીયાદ વાળો બનાવ કે જે સેગવા ગામની ભાગોળે આવેલ હનુમાનજીના મંદિરે બનેલો તે બનાવવાળા સ્થળે થયેલ બોલાચાલીના કારણે બનાવવાળા સ્થળે લોકો ભેગા થઈ ગયેલ હતા અને તેઓની બનાવવાળા સ્થળે હાજરી હતી અને તેઓ નો સમાવેશ સ્વતંત્ર સાહેદોમાં થતો હોવા છતાં તેવા કોઈપણ ઈસમ કે જેઓએ બનાવ નજરે જોયેલ છે તેઓનો સોંગદ ઉપરનો સમર્થન કારક પુરાવો ઉપલબ્ધ થયેલ ન હોય ફરીયાદવાળા બનાવના કામે આંક : ૦૯ વાળી ફરીયાદ હકીકતમાં બનેલ ઘટનાને સ્વતંત્ર સાહેદ ના પુરાવા ધ્વારા સમર્થન પ્રાપ્ત થતુ ન હોય અને જે કંઈ પુરાવો

રેકર્ડ ઉપર આવેલ છે તેમાંથી સત્યતા અને સાતત્યતા જળવાતી ન હોય અને કડીબધ્ધ પુરાવો કે જેના વડે આરોપી વિરુધ્ધનું અનુમાન કરી શકાય તે રેકર્ડ ઉપર આવેલ ન હોય અને ફરીયાદ અન્વયે રેકર્ડ ઉપર આવેલ પુરાવો કે જેમાંથી મહત્વની બાબતે વિસંગતતાઓ જણાઈ આવતી હોય સાતત્યસભર પુરાવાના અભાવે ફરીયાદવાળા ગુન્હાના કામે હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય,ફરીયાદવાળા બનાવના કામે આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનુ કૃત્ય કરેલ હોવા બાબતનો માત્ર શક ઉત્પન્ન થતો હોય તેવી ઉત્પન્ન થયેલ શંકાનો લાભ આરોપીને પ્રાપ્ત થવો જોઈએ તેમ આ અદાલતનુ માનવુ હોય આ કામે નિર્માણ કરવામાં આવેલ **મુદ્દા નં.૧ અને ૨** ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ નથી તેમ ઠરાવી તે તમામનો જવાબ નકારમાં આપી **મુદ્દા નં.૩** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **હુ ક મ** //

**(૧)** આ કામના આરોપીને ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ ની કલમ : ૨૩૫ (૧) અન્વયે શિનોર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૮૯/૨૦૧૭ થી, ભારતીય દંડ સંહિતાની કલમ : ૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હાના કામે શંકાનો લાભ આપી,છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીના જામીનખત આથી રદ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આથી,આરોપીને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭ (એ) મુજબ હુકમની તારીખથી ૬ (છ) માસના સમય મર્યાદા માટે રૂ.૧૦,૦૦૦/-(અંકે રૂપીયા દસ હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૦૮ મી, માહે : ઓગષ્ટ સને.૨૦૧૯ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૮/૦૮/૨૦૧૯**
**વડોદરા.**

**(સંજયકુમાર ચંપકલાલ ગાંધી),**
**૧૪ માં(એડહોક) એડીશ્નલ સેશન્સ જજ,**
**( સ્પેશીયલ જજ(એટ્રોસીટી કેસીસ),**
**વડોદરા.**
**(... Judge Code - GJ00699...)**

(વિપુલ શાહ).